આ પત્રિકામાં તમારા સંસદસભ્યની ભૂમિકા, એ તમને શી રીતે મદદ કરી શકે અને તમે એનો શી રીતે સંપર્ક કરી શકો તે સમજાવ્યું છે.

## સંસદસભ્યની ભૂમિકા

સંસદસભ્યો ત્રણ મુખ્ય જૂથોને જવાબદાર હોય છે. એમના મતદારો, સંસદ અને એમનો રાજકીય પક્ષ.

યુનાઈટેડ કિંગડમમાં 600 કરતાં વધારે મતવિસ્તારો છે ; એ દરેક પોતાના એક સંસદસભ્યને આમસભા એટલે કે હાઉસ ઑફ કૉમન્સમાં ચૂંટીને મોકલે છે. સંસદસભ્યે સંસદમાં ચર્ચાઓમાં ભાગ લેવાનો છે અને કાયદાઓ તેમ જ બીજી બાબતો પર મત આપવાનો છે. આ બાબતો એની ફરજોમાં ગણાય છે. વળી, નવા કાયદા ઉપર વિચાર કરવા કે સરકારી ખાતાંના કામકાજ માટે સંસદની સમિતિઓ નિમાય છે તેમાં પણ તેઓ સભ્ય તરીકે સેવા આપે છે. કેટલાક સંસદસભ્ય સરકારમાં મંત્રી બને છે, તો કેટલાક વિરોધ પક્ષમાં પ્રવકતા બને છે.

સંસદસભ્યો એમના મતદારોને જુદી જુદી સમસ્યાઓ વિશે સલાહ આપીને (ખાસ કરીને સરકારી ખાતાંના કાર્યકલાપોમાંથી પેદા થતી સમસ્યાઓ), સંસદમાં એમના મતદારોને સ્પર્શતી બાબતો રજૂ કરીને અને સ્થાનિક વિસ્તારના બિનસત્તાવાર પ્રમુખ તરીકે વર્તીને મદદરૂપ થઈ શકે છે.

હાઉસ ઑફ કૉમન્સમાં, સામાન્ય રીતે, સંસદસભ્યો એમના નેતાઓના વલણ પ્રમાણે મત આપીને અને એમના પોતાના મતવિસ્તારમાં પક્ષના પ્રતિનિધિ તરીકે કામ કરીને એમના સંબંધિત પક્ષને ટેકો આપતા હોય છે.

## મારો સંસદસભ્ય કોણ છે ?

તમે તમારો પોસ્ટ કોડ આખો જાણતા હો અને તમારી પાસે ઈંટરનેટની સગવડ હોય તો તમે www.locata.co.uk/commons/ પરથી તમારો સ્થાનિક સંસદસભ્ય કોણ છે તે જાણી શકો.
તે સિવાય તમે હાઉસ ઑફ કૉમન્સની માહિતી કચેરીને 020 7219 4272 પર ફોન કરીને અથવા તમારી લોકલ કાઉંસિલને પૂછીને પણ તમારા સંસદસભ્યનાં નામઠામ મેળવી શકો છો.



## તમારા સંસદસભ્યનો સંપર્ક શી રીતે કરશો

સારૂં તો એ જ રહે કે સૌ પહેલાં તો તમે તમારા સંસદસભ્યનો લિખિત રૂપે સંપર્ક કરો : પત્ર, ફૅક્સ કે ઈ–મેઈલ દ્વારા તમે તમારી વાત સ્પષ્ટ અને વિગતવાર સમજાવી શકો છો, જેથી સંસદસભ્ય તમને મદદરૂપ બનવા માટે કશું કરતાં પહેલાં તમારી સમસ્યા ચીવટપૂર્વક સમજી લે.

તમે નીચે આપેલા ઠેકાણે કોઈ પણ સંસદસભ્યને લખી શકો છો :
**હાઉસ ઑફ કૉમન્સ, લંડન** SW1A 0AA (House of Commons, London SW1A 0AA)
વેસ્ટમિન્સ્ટરમાં બધા સંસદસભ્યોની ઑફિસો છે અથવા, તો એમના પરના પત્રો પર કાર્યવાહી કરવાની કે તેઓ લંડનની બહાર હોય ત્યારે એમને પત્ર મળી જાય એવી એમણે વ્યવસ્થા કરી હોય છે. આમ, એમને એમના મતવિસ્તારની ઑફિસ અથવા તો ઘરના સરનામે પત્ર લખો તેના કરતાં હાઉસ ઑફ કૉમન્સના સરનામે પત્ર લખો તે વધારે સારૂં છે.

તમે 020 7219 3000 નંબર પર સંસદના સ્વિચબોર્ડ મારફતે પણ કોઈ સંસદસભ્યની વેસ્ટમિન્સ્ટરની ઑફિસને ફોન કરી શકો છો. મતવિસ્તારમાં સંસદસભ્યની ઑફિસ હોય તો તમને એનો ટેલીફોન નંબર સ્થાનિકની ફોન ડાયરેકટરીમાંથી "મેમ્બર્સ ઑફ પાર્લામેન્ટ" (સંસદસભ્યો) મથાળા નીચે મળી શકશે.

બધા સંસદસભ્યો પોતાનાં ઈ–મેઈલ સરનામાં પ્રકાશિત કરતા નથી પરંતુ તમે આના માટે એક ફૉર્મ હોય છે તેના દ્વારા :
www.parliament.uk/directories/hciolists/alms.cfm
માંથી યાદી જોઈને ઘણાખરા સંસદસભ્યોને સંદેશ મોકલી શકો છો.

આ યાદીમાંથી સંસદસભ્યોની પોતાની વેબસાઈટો સાથેની 'લિંક' પણ મળે છે.

મોટા ભાગના સંસદસભ્યો એમના મતવિસ્તારોમાં 'સર્જરીઓ' (ફરિયાદો સાંભળવાના કાર્યક્રમો) પણ રાખે છે. સ્થાનિકના રહેવાસીઓ ત્યાં જઈને પોતાની સમસ્યાઓ રજૂ કરી શકે છે. સર્જરીઓની તારીખ જાણવા અને 'એપૉઈંટમેન્ટ' (મુલાકાતનો સમય) નક્કી કરવા માટે તમારે વેસ્ટમિન્સ્ટરમાં કે સંબંધિત મતવિસ્તારમાં સંસદસભ્યની ઑફિસે ફોન કરવો જોઈએ.



## તમારો સંસદસભ્ય શી રીતે મદદ કરી શકે ?

સંસદસભ્યો મદદ અને સલાહ બહુ ઉદારતાથી આપતા હોય છે. સામાન્ય રીતે, તેઓ પોતાના મતવિસ્તારના રહેવાસીઓના જુદા જુદા અનેક જાતના પ્રશ્નોમાં મદદરૂપ બનવા કોશિશ કરે છે. સંસદસભ્યના કામનું બાંધ્યું વિવરણ નથી અને કયો પ્રશ્ન ઉપાડવો તે સંસદસભ્યની પોતાની મુનસફી પર આધાર રાખે છે. આમ છતાં, સંસદસભ્યો કેન્દ્ર સરકારની સેવાઓ સંબંધી સમસ્યાઓમાં વધારે સારી રીતે મદદરૂપ બની શકે છે, જેમકે :

- નોકરી અને પેન્શનોના વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ વકર્સ એન્ડ પેન્શન્સ) સંબંધી બાબતો, એટલે કે, **બેનીફિટ, પેન્શન, રાષ્ટ્રીય વીમો** વગેરે સમસ્યાઓ;
- ગૃહ મંત્રાલય હસ્તકના મુદ્દાઓ, એટલે કે, **સ્થળાંતર** અને બીજી સમસ્યાઓ;
- ઈન્લૅન્ડ રેવેન્યૂ, કસ્ટમ અને એકસાઈઝ સંબંધી **કરવેરાની સમસ્યાઓ ;**
- **NHS** ને લગતી સમસ્યાઓ ;
- **Child Support Agency** સાથેની સમસ્યાઓ ;
- **શાળાઓના અનુદાન અને શાળાઓ બંધ કરવાની સમસ્યાઓ**

સ્થાનિક તંત્રની સેવાઓ વિશેની ફરિયાદો તો સ્થાનિક કાઉંસિલર પાસે રજૂ કરી શકાય છે. વળી, વેલ્સ, સ્કૉટલૅન્ડ અને ઉત્તર આયર્લૅન્ડમાં વિધાનસભાઓને સત્તાઓ અપાઈ છે. અમુક સેવાઓ માટે એમની જવાબદારી છે. એટલે એવી બાબતોમાં આ વિધાનસભાઓના સ્થાનિક સભ્યોને મળવું વધારે સારૂં રહે.

તમારો સંસદસભ્ય મતદારોને મદદ કરવા માટે બધું કરી છૂટશે પરંતુ એ દરેક માંગને ટેકો ન પણ આપી શકે. કદાચ એને એમ પણ લાગે કે આમાં બહુ મદદ કરી શકાય એમ નથી. તેઓ જાતે મદદ નહિ કરી શકે તો કદાચ તમને વધારે યોગ્ય વ્યકિત – સ્થાનિક કાઉંસિલર, સ્થાનિક સિટીઝન્સ એડવાઈસ બ્યૂરો (CAB) અથવા બીજી કોઈ સ્થાનિક સંસ્થા પાસે જવા ભલામણ કરશે. કાનૂની સલાહ માટે તેઓ તમને કોઈ સોલિસીટર પાસે મોકલી શકે છે.

**તમારે તમારી સમસ્યાઓ બીજા કોઈ સંસદસભ્ય કરતાં તમારા પોતાના સ્થાનિક સંસદસભ્ય સમક્ષ રજૂ કરવી જોઈએ.** દરેક મતવિસ્તાર માટે એક સંસદસભ્ય હોય છે. એમણે માત્ર એમને મત આપ્યા હોય તેમનું જ નહિ પણ એમના મતવિસ્તારના બધા નાગરિકોનાં હિતોનું પ્રતિનિધિત્વ કરવાનું છે.

સંસદસભ્ય તમને કેટલીયે રીતે મદદ કરી શકે છે. તેઓ માત્ર સલાહ આપે અથવા તમારા વતી અધિકારીઓ કે મંત્રીઓને પત્રો પણ લખી શકે છે. તેઓ તમારા વતી **Parlianmentary Ombudsman** સમક્ષ કોઈ ગેરવહીવટનો કિસ્સો પણ રજૂ કરી શકે છે.

તમારા સંસદસભ્યને યોગ્ય જણાય તો તમારો મુદ્દો હાઉસ ઑફ કૉમન્સમાં પણ **પાર્લામેન્ટરી ક્વેશ્ચન** (સંસદીય પ્રશ્ન), **એડજર્નમેન્ટ ડિબેટ** (સભા મોકૂફીની દરખાસ્ત પર ચર્ચા) કે **અર્લીન્ડે મોશન** (એક અથવા વધારે સંસદસભ્યોની સહીથી સાદી લિખિત રજૂઆત) દ્વારા ઉપસ્થિત કરી શકે છે. સંસદસભ્યો મતદારો વતી **પિટીશનો** (અરજીઓ) પણ આપી શકે છે.

વધારે માહિતી
સંસદસભ્યની ભૂમિકા વિશે વધારે માહિતી એચસીઆઈઓ (હાઉસ ઑફ કૉમન્સની માહિતી કચેરી)ની ફૅક્ટશીટ 'યૂ એન્ડ યોર એમપી' (તમે અને તમારા સંસદસભ્ય)માંથી મળી શકશે. આ ફૅક્ટશીટ www.parliament.uk/factsheets પરથી પ્રાપ્ત કરી શકશો.



## સંપર્કો

હાઉસ ઑફ કૉમન્સ વિશેની માહિતી માટે :

**હાઉસ ઑફ કૉમન્સ ઈન્ફર્મેશન ઑફિસ**
House of Commons, London SW1A 2TT
ફોન : **020-7219 4272**
ઈ–મેઈલ: **hcinfo@parliament.uk**
વેબ: www.parliament.uk/directories/hcio.cfm
ફેક્સ : **020-7219 5839**

શાળાઓ, શિક્ષકો અને યુવાનો વિશેની માહિતી માટે :

**પાર્લામેન્ટરી એજ્યૂકેશન યુનિટ**
House of Commons, London SW1A 2TT
ફોન : **020-7219 2105**
ઈ–મેઈલ : **edunit@parliament.uk**
વેબ : www.explore.parliament.uk
ફેક્સ : **020-7219 0818**

હાઉસ ઑફ લૉર્ડ્ઝ વિશેની માહિતી માટે :

**હાઉસ ઑફ લૉર્ડ્ઝ ઈન્ફર્મેશન ઑફિસ**
House of Lords, London SW1A 0PW
ફોન : **020-7219 3107**
ઈ–મેઈલ : **hlinfo@parliament.uk**
ફેક્સ : **020-7219 0620**

બન્ને ગૃહોના ગ્રંથાગારો માટે :

**હાઉસ ઑફ લૉર્ડ્ઝ રેકોર્ડ ઑફિસ**
House of Lords, London SW1A 0PW
ફોન : **020-7219 3074**
ઈ–મેઈલ : **hlro@parliament.uk**
ફેક્સ : **020-7219 2570**

## બીજા ઉપયોગી નંબરો

| | |
|---|---|
| સંસદસભ્યો/પીઅરોના સંપર્ક માટે : | **020 7219 3000** |
| કોન્ઝર્વેટિવ પાર્ટી : | **020 7222 9000** |
| લેબર પાર્ટી : | **020 7802 1000** |
| લિબરલ ડેમોક્રેટિક પાર્ટી : | **020 7222 7999** |
| પ્લેઈડ સિમરૂ (Plaid Cymaru): | **029 2064 6000** |
| સ્કૉટિશ નેશનલ પાર્ટી : | **0131 525 8900** |
| યૂરોપિયન પાર્લામેન્ટ : | **020 7227 4300** |
| ટાઈપટૉક (મંદ શ્રવણશકિતવાળા માટે ટેલીફોન સુવિધા) | **0870 240 9598** |

# તમે અને તમારા સંસદસભ્ય

તમારા સંસદસભ્ય શું કરે છે અને તમને શી રીતે મદદ કરી શકે તે વિશેની માર્ગદર્શિકા